

## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ખેલાય છે અસંસ્કારની હોળી, વાણીનો વિનાશ છે,*
*નથી સાત્વિક પ્રચાર કયાંય, વાણીનો વિલાસ છે,*
*અધૂરાશ બૌધિક અભ્યાસની, ભશે અપશબ્દો -*
*વરતાતો નથી કયાંક માત્ર વાણીમાં વિકાસ છે.*

હાઈકુ

*'નીતિ'નો નહીં -*
*સૌ કરે છે વિરોધ -*
*વ્યક્તિ વિશેષ...*

*નથી મનન -*
*છે ચારિત્ર્ય ખનન,*
*મૂલ્યો હનન...*

### ચિંતન

**સ્રોતસા નીપતે દારૂ યથા નિમ્નોન્નતસ્થલમ્ ।**
**દૈવેન નીપતે દેહો યથા કાલોપભુક્તિષુ ॥**

ઉપરોક્ત શ્લોક 'સર્વવેદાંત સિદ્ધાંત - સારસંગ્રહ'માંથી લેવામાં આવેલ છે.

જેમ જળપ્રવાહ લાકડાને ઊંચાનીચા સ્થળોએ લઈ જાય છે, તેમ દૈવ (પ્રારબ્ધ) દેહને નિયત સમયે વિવિધ ઉપભોગોમાં પહોંચાડે છે.

પૂર્વજન્મોના કર્મથી નસીબ બંધાય છે અને નસીબ દ્વારા જ સુખ-દુઃખ, પીડા-રોગ-તંદુરસ્તી પ્રાપ્ત થાય છે.

તેથી નિયત સમયે કર્મોના ફળ મળે જ છે. તે હસતાં - રમતાં સ્વીકારવાં જોઈએ એના માટે દુખ-પરિતાપ ન કરવો.

### સુવિચાર

- સત્ય મૌન રહે તો સૌ પૂજે છે, સત્ય બોલવા લાગે તો સૌ ધ્રૂજે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હાજરી હંમેશા એવી આપો, કે ગેરહાજરીની નોંધ લેવાય - **દિનકર પાઠક**
- જુઠ બોલને કે લિયે જુબાં ચાહિયે, સચ કહને કે લિયે આંખે કાફી હૈ - **નિરંજન સિંઘ**
- જીવનની શોધ ચાલુ રાખો.... નહીંતર મોત તો તમને શોધી જ રહ્યું છે - **બોધિવૃક્ષ**
- દુનિયાના મોટા ભાગના લોકોને એ પ્રોબ્લેમ છે કે, બીજાને કેમ પ્રોબ્લેમ નથી? - **આચાર્ય વિજયરત્નસુંદરસૂરીજી**
- ગઈકાલ પર રડે નહીં, અને આવતીકાલથી ડરે નહીં, એ માણસ જિંદગીમાં કયારેય પાછો પડે નહીં - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : કેળના પાન બાળીને ભષ્મ બનાવી તે અડધી ચમચી મધ સાથે દિવસમાં ત્રણ વાર લેવાથી ઉધરસ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બે ભૂખ્યા ફકીરો રાબિયાના દર્શને આવ્યા. રાબિયા પાસે તે દિવસે ફક્ત બે રોટી જ હતી. એવામાં એક ભિક્ષુકે પોકાર કર્યો. એટલે રાબિયાએ બે રોટી,પેલા ભિક્ષુકને આપી દીધી. પેલા બે ફકીરોને નવાઈ લાગી. પણ તેઓ કશું જ બોલ્યા નહીં. ફકીરોએ રાબિયા સાથે ઉપરવાળાની મહેરબાનીની ચર્ચા કરી ત્યાં તો એક દાસી રોટી ભરેલી ટોરી લઈ રાબિયા પાસે આવી. એણે કહ્યું 'રાણી માએ આ ટોકરી તમારા માટે મોકલાવી છે.' રાબિયાએ ટોકરી લીધી. તેમાં રોટલી ગણી જોઈ. રોટલી અઢાર હતી. એણે રોટલીની ટોકરી દાસીને પાછી આપતા કહ્યું, 'આ મારા માટે હોય એવું લાગતું નથી, કંઈક ભૂલ થઈ લાગે છે.' દાસી ચૂપચાપ પરત ફરી. તેણે રાણીને રાબિયા સાથે બનેલી વાત વિગતવાર કરી. રાણીને બીજું તો કંઈ સમજાયું નહીં પણ તેણે બે રોટી રોટી ગણી. એમાં વીસ રોટી હતી. રાબિયો તે સ્વીકારી અને પેલા બેય ફકીરોને રોટી આપી. પેલા ફકિરોએ આવી વર્તણુકનું રહસ્ય જણાવવા કહ્યું એટલે રાબિયાએ કહ્યું, 'તમારી ભૂખની મને જાણ હતી. પણ ફક્ત બે રોટીથી આપની ભૂખ કેમ સંતોષાય ? એટલે એ બે રોટી મેં પેલા ભિક્ષુકને આપી દીધી. અને ઈશ્વરને પ્રાર્થના કરી, કે હે ઈશ્વર, તમે કહ્યું છે કે દાનથી દસ ગણું હું પાછું વાળું છું. એ વાત મેં શ્રદ્ધા રાખી. બે રોટી ભિક્ષુકને આપી દીધી છે. હવે તમે તમારી વાત પૂર્ણ કરજો. પછી રાણીએ અઢાર રોટી મોકલાવી એટલે મને થયું કે નક્કી આમાં મોકલનારની જ ભૂલ હશે, ઈશ્વર તો ભૂલ કરે જ નહિ. એટલે મને થયું કે હવે બરાબર છે.' સાચી શ્રદ્ધા માણસને ઈશ્વર પ્રાપ્તિ કરાવે છે, તો શું પેટ ભરવા રોટી ન અપાવે ?

# ભાજપના ઢંઢેરામાં રાષ્ટ્રવાદ મોખરે

**તંત્રીસ્થાનેથી...**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની રાજકીય પાંખ તરીકે વિકસેલ જનસંઘ અને જનસંઘના નવા અવતાર સ્વરુપે પુનર્જન્મ પામેલ ભારતીય જનતા પાર્ટી માટે રાષ્ટ્રવાદ એ જ એનો મુખ્ય કાર્યક્રમ હોય તે સમજી શકાય એવું છે. રાષ્ટ્રવાદનો ગર્ભિત અર્થ હિંદુત્વ પણ થઈ શકે છે. પરંતુ હિંદુ એ કોઈ સંપ્રદાય નથી બલકે જીવનશૈલી છે એવા સર્વોચ્ચ અદાલતના અર્થઘટન પછી ચૂંટણી પંચ સહિતની કોઈ પણ બંધારણીય સંસ્થા એની સામે આંગળી ચીંધી શકે એમ નથી. ભાજપની નેતાગીરી વિકસી હોય તો માત્ર અને માત્ર હિંદુ રાષ્ટ્રવાદના નામ પર જ વિકસી છે. હિંદુ રાષ્ટ્રની રમણીય કલ્પના સરવાળે દરેક હિંદુ ધર્માવલંબીને ગમતી હોય છે. દુનિયામાં ખ્રિસ્તી અને ઈસ્લામિક રાષ્ટ્રો હોય, બાઈબલ અને કુરાનની બોલબાલા હોય તો હિંદુ બહુમતી ધરાવતા અને હિંદુસ્તાન તરીકે ઓળખાતા દેશમાં હિંદુત્વ અને એના સાંસ્કૃતિક, ધાર્મિક ગ્રંથોની પ્રતિષ્ઠા થવી જ જોઈએ. કોંગ્રેસના ગાંધીથી લઈ સરદાર પટેલ અને નહેરુ સુધીના મહારથીઓએ વધુ પડતી ઉદારતા દાખવી દેશને બિનસાંપ્રદાયિક - ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ કર્યો જેમાં બહુમતી હિંદુ પ્રજાના મનની વાતનો પડઘો નહોતો પડતો. દબાયેલી લાગણી સમય જતાં ઊછળે એમ હિંદુત્વની ઉપેક્ષા બહુમતીને કઠતી રહી અને જયારે એને શ્યામાપ્રસાદ મુખર્જી, દીનદયાળ ઉપાધ્યાય, અટલ બિહારી વાજપેયી, બલરાજ મધોક અને અડવાણી-મુરલી મનોહર જોષી કે નરેન્દ્ર મોદી જેવા સમર્થ નેતાઓ મળ્યા ત્યારે એ ભારેલો અગ્નિ ભભૂકી ઊઠ્યો. દેશને હિંદુ રાષ્ટ્ર નહીં બનાવવા દેવાય કે જમ્મુ અને કાશ્મીરને સ્વાયત્તતા બક્ષતી બંધારણની ૩૭૦ મી કલમ તથા રાષ્ટ્રપતિએ દાખલ કરેલી ૩૫-એ કલમ સાથે ચેડાં નહીં કરાય - એવી વાતો કરી કરીને કોંગ્રેસે બહુમતી હિંદુ પ્રજાના માનસમાં નકારાત્મક ઈમેજ ઊભી કરી છે. કોંગ્રેસનાં સોનિયા ગાંધી જેવાં નેતાએ પણ કબૂલવું પડ્યુ છે કે અમને ભાજપ મુસલમાનોની પાર્ટી ગણવા લાગ્યું છે. રાહુલ ગાંધીએ શિવભક્ત હોવાની જાહેરાત કરવી પડતી હોય અને પ્રિયંકાને ગંગામાં ડૂબકી મારવી પડતી હોય તો એની પાછળ વડીલોની હિમાલય જેવડી ભૂલનું પ્રાયશ્ચિત કરવાનો જ પ્રયાસ છે. પરંતુ ભારત જેવી લોકશાહીમાં લઘુમતી પ્રજાને સલામતીની અને સમાન દરજ્જાની બંધારણ ખાતરી આપે છે, જેનું પાલન ભારતીય જનતા પાર્ટીની સરકાર પણ કરતી રહી છે. કોમી રમખાણો કે ગૌહત્યા જેવા મુદ્દે ઉશ્કેરાટમાં થતી છૂટી છવાઈ ઘટનાઓ એ બાબતની ચેતવણી છે કે લઘુમતી સમાજે બહુમતી હિંદુ પ્રજાને સિરિયસલી લેવી જ પડશે - અગાઉ આઠસો વર્ષ લગી અમારું શાસન હતું એટલે અમે તો અમારી રીતે જ વર્તશું એવો હઠાગ્રહ મુસલમાનોએ પણ છોડવો જ રહ્યો. કાશ્મીરમાં એનો અલગ ધ્વજ, અલગ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન બહાલ કરવાની નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાની માગણી વાહિયાત છે. આવી વાતો કરનારાની સાથે ગઠબંધન કરીને બે-પાંચ બેઠકો જીતી લેવા જતાં આખું હિંદુસ્તાન ગુમાવવાનો નારો આવશે એ વાત રાહુલ ગાંધી અને એમના સલાહકારોએ સમજી લેવી જોઈએ. મોદીરાજની તમામ મોરચે ઊડીને આંખે વળગે એવી નિષ્ફળતાઓ વચ્ચે પણ આવા ક્ષુલ્લક મુદ્દે ભાજપ ફરી એકવાર દિલ્હીનું મયૂરાસન કબજે કરી શકે એટલું નહીં સમજે તો કોંગ્રેસ સહિત કહેવાતા ગઠબંધનની દુર્દશા જ થવાની છે.

# પરિવર્તન તો કુદરતનો નિયમ છે



નવાં કલેવર
નટવર હેડાઉ

તેને ઓફિસે જવાનું પણ મોડું થતું હતું. કવિશાને ટ્યુશનમાં મૂકવા જવાની સાથે સાંજ માટે શાકભાજી અને બીજા નાનાં મોટા કામો પતાવવાનાં હતાં. મોડું તો થઈ જ ગયું હતું. છતાં આજે રોડ પરનો ટ્રાફિક ઓછો હોવાને કારણે મોડું વધારે નહીં થઈ જાય એમ લાગતું હતું.

પથિકાશ્રમના 'ઘ-૩' સર્કલ નજીક આવતાં આવતાં રસ્તાનો ટ્રાફિક જાણે થીજી ગયો હોય એમ લાગ્યું. 'ખબર નહીં અત્યારે વળી શું થયું હશે ?' ચૂંટણી પ્રચારનું કોઈ સરઘસ નીકળ્યું હોવું જોઈએ. અથવા કોઈ મોટા નેતાનો રોડ શો હોય એવું પણ બને. તેને જરા ચીડ ચડી પણ કંઈ થઈ શકે તેમ ન હતું. લોકશાહી દેશમાં રેલીઓ અને આંદોલનો એ કંઈ નવી વાત ન ગણાય. તેમાં પણ આ તો પાટનગર. તેણે ફરી એકવાર ઝંડા પરની ઘડિયાળ સામે જોયું.

'મમ્મા, શું થયું છે?'

'બેટા, એ તો મને પણ ખબર નથી. પણ જોને ટ્રાફિક જામ થઈ ગયો છે. કંઈ સમજ પડતી નથી. ચારે બાજુ ભીડને શોરબકોર છે.'

'મમ્મા, મારે ટ્યુશનમાં મોડું થઈ જશે તો શું કરીશું ?' કવિશાએ પ્રશ્ન કર્યો.

'શું થાય. આ બધું કયાં આપણા હાથમાં છે. સૂત્રોચ્ચાર, ઘોંઘાટ અને હોર્નના પોં... પોં... પી...પી... અવાજમાં મગજ બહેન મરી ગયું છે. હાથમાં બેનર, તકતીઓ લઈ બૂમો પાડતા હડતાલીયાઓનું સરઘસ આગળ ન વધે તે માટે પોલીસે પણ આડશો ઊભી કરી હતી. ઓલા કેબ બંધ કરો, અમને બેકાર થતાં બચાવો.' ઓટો ચાલક સંઘ.

વાત થોડીક સમજાઈ. પાસે ઊભેલા એક રીક્ષા ચાલકને પૂછ્યું એટલે તેણે કહ્યું, 'બહેન, જુઓને આ નવી ટેક્ષીઓ આવી રહી છે. તેને ઘેર બેઠાં ઈન્ટરનેટથી બોલાવતા આવી જાય છે. વળી ખૂબ આરામદાયક છે. બધી રીતે સારી છે પણ હવે અમારું શું થશે ?' અમે તો બેકાર થઈ જવાના... તેથી આ સરઘસ કાઢ્યું છે. અમે ઓછું ભણેલા આ કામ કરતા રહ્યા છીએ અને અમને તો એ જ ફાવે છે. અમારે તો હવે રીક્ષાઓ બંધ કરી માથે હાથ દઈ રોવાનો વારો આવ્યો છે. અમારા કુટુંબનું શું થશે ?' કહેતા કહેતાં એ માથું ખંજવાળવા લાગ્યો.

તેણે સંમતિમાં માથું હલાવ્યું અને ધીમે ધીમે એકટીવાને આગળ વધાર્યું.

એક સમયે એવો હતો કે આ રીક્ષાવાળાઓ એ સદીઓ જૂની ઘોડા-ગાડી, ટાંગા, બળદગાડા, ઉંટ ગાડી ચલાવનારા બધાને એક ઝાટકે બેકાર કરી નાખ્યા હતા. થોડો સમય તો રસ્તાની બાજુમાં કયાંક કયાંક ઊભા રહેલા જોવા મળતા. હવે કોઈ મ્યુઝીયમમાં જરૂર જોવા મળી જાય. તેમની પરવા તે સમયે આ રીક્ષાવાળાઓએ કરી નહોતી કે એ લોકોના કુટુંબનું શું થશે ?

છેવટે પરિવર્તન તો કુદરતનો નિયમ છે ને !

# આનંદની લાગણી કરતાં વધારે ઝડપથી ઉદાસીની લાગણી પ્રસરી જતી હોય છે



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

**(ગતાંકથી ચાલુ)**

મુસાફરી દરમ્યાન બનેલી પેલી આધેડ વ્યક્તિએ યાદ કરીને આપણે ફરી પાછા એ ધટના ઉપર આવીએ. પેલી આધેડ વયની વ્યકિત જેણે ટ્રેનમાં પોતાની જગ્યા લીધી ત્યારથી ઉદાસ દેખાતી હતી અને તેની ઉદાસી જ્યારે વધારે ઘેરી બની ગઈ ત્યારે કેટલાક મુસાફરોનું ધ્યાન તેના ઉપર કેન્દ્રિત થઈ ગયું. કેટલાક મુસાફરો તેની ઉદાસી વિષે અંદરોઅંદર કઈક વાતચીત કરતાં પણ સાંભળતા હતા. વ્યક્તિની ઘેરી ઉદાસી ધીમે ધીમે રુદનમા ફેરવાઈ ગઈ અને લાંબા સમયથી વ્યક્તિને જે ડૂમો ભરાયો હતો એ એ ડૂમો ઓગળી ગયો.

એ વ્યકિતનો ડૂમો આગળ્યો એટલે તે પોતાની જાતને રોકી ન શકી અને એ જાહેરમાં ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. સમયે અમારા કમ્પાર્ટમેંટમાં મુસાફરી કરી રહેલા લગભગ બધા જ મુસાફરોનું તેના ઉપર ધ્યાન કેન્દ્રિત થઈ ગયું. કેટલીક સ્ત્રી મુસાફરોએ તો એ વ્યકિતને તેના રડવાનું કારણ પણ પુછ્યું અને એ વ્યકિત જ્યારે પોતાના રુદન ઉપર કાબૂ ના રાખી શકી અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી ત્યારે તેની અસર કેટલીક સ્ત્રી મુસાફરો ઉપર એવી થઈ કે તેઓની આંખમાં આંસુ આવી ગયા. કેટલાક મુસાફરોએ તેના રડવાનું કારણ પૂછ્યું અને એ વ્યક્તિએ ત્રુટક ત્રુટક શબ્દોમાં કારણ જણાવ્યુ ત્યારે એ કારણ જાણીને તેને સાંત્વન આપવાનો પ્રયત્ન કર્યો. કેટલાક મુસાફરોએ એ વ્યકિતને પાણી અને ચા પીવડાવીને સ્વસ્થ કરવાનો પ્રયત્ન કર્યો. ટૂંકમાં એ વ્યકિતના આંસુ જોઈને કમ્પાર્ટમેંટના લગભગ બધા જ મુસાફરોને વત્તે ઓછે અંશે તેની અસર થઈ અને તેઓના ચહેરાઓ ઉપર પણ થોડી ઘણી ઉદાસી છવાઈ ગઈ.

આપણો દરેકનો એક સ્વભાવ છે. આપણી પોતાની આસપાસની વ્યકિતની લાગણીઓની થોડેઘણે અંશે આપણને અસર થતી જ હોય છે. હા, એવું પણ ખરું કે બીજાના ચહેરા ઉપર ખુશીની ભાવ જોઈને માણસના ચહેરા ઉપર બહુ જલ્દી ખુશીના ભાવ વ્યક્ત થતાં નથી. માનવીય વર્તનશાસ્ત્ર પ્રમાણે એવું કહી શકીએ કે કોઈક અજાણી વ્યકિત જ્યારે હસે છે, ખુશ થાય છે ત્યારે તેના હાસ્ય, આનદ કે ખુશીનું કારણ જાણ્યા વિના આપણાં ચહેરા ઉપર એવું સ્મિત આવી શકતું નથી. અજાણી વ્યકિતના આનંદનું કારણ જાણ્યા વિના આપણે આનંદિત થઈ શકતા નથી. બીજા શબ્દોમાં એવું પણ કહી શકીએ કે બીજાની ખુશીનો ચેપ આપણને બહુ જલદી લાગી શકતો નથી.

બીજી તરફ આપણાં સૌનો એવો પણ સ્વભાવ પણ છે કે કોઈ અજાણી વ્યક્તિની ઉદાસી, તેનો વિષાદ, તેનું દુઃખ, તેનો શોક કે તેના આંસુને જોઈને એ વ્યથા કે આંસુનું કારણ જાણ્યા વિના પણ આપણે એકવાર તો દુઃખી અને વ્યથિત થઈ જ જઈએ છીએ. હા, બીજાના ચહેરા ઉપર દુઃખની લાગણીઓ જોઈને માણસના ચહેરા ઉપર દુઃખ બહુ ઝડપથી છવાઈ જતું હોય છે. કોઈ અજાણી વ્યકિતની આંખમાં આંસુ જોઈને કારણ વિના જ આપણી આંખોના ખૂણામાં અશ્રુબિંદુઓ જામી જતાં હોય છે. અજાણી વ્યકિતની ઉદાસી આપણને ક્યારેક એવી રીતે ઘેરી વળતી હોય છે કે જાણે એ આપણી પોતાની ઉદાસી હોય. બીજી વ્યકિતનો વિષાદ આપણને એવી રીતે ભીંજવી દે છે કે જાણે નભમંડળમાંથી આંસુઓ ઝરતા હોય અને એ આંસુથી પૃથ્વીનો ખોળો ભીંજાતો હોય.

એક વ્યકિતનું સ્મિત, હાસ્ય, ખુશી, આનંદ અને સુખની લાગણીઓ બીજી વ્યકિતને, અજાણી વ્યકિતને સ્પર્શી તો શકે જ છે પણ ઉદાસી, વિષાદ, દુખ કે આંસુ તેના કરતાં વધારે સ્પર્શી જાય છે. ખુશી અને આનંદની લાગણી કરતાં વધારે ઝડપથી વિષાદ અને ઉદાસીની લાગણી પ્રસરી જતી હોય છે. વિષાદના પ્રસાર માટે કોઈ વાહકની જરૂર નથી પડતી. એ તો હવાના ઝોકાની જેમ જ, હવાની પ્રવાહમાં ભળી જઈને હવાની સાથે જ પ્રસરે છે અને બીજી વ્યકિતની લાગણીઓને ત્વરાથી અસર દે છે.

કોઈપણ કારણસર કોઈપણ વ્યકિત જ્યારે ખુશ થતી હોય, આનંદિત થઈ હોય, પોતે મન મૂકીને તેનો આનંદ લૂટી રહી હોય ત્યારે તે વ્યકિત પોતાના આનંદ કે ખુશીના ભાગીદાર બનવા માટે પોતાના સ્નેહી, સંબધી કે મિત્રોને નિમંત્રણ આપતી હોય છે. પોતાનો આનંદ લૂંટાવા માટે બીજી વ્યક્તિ પાસે પોતાના હાથ લંબાવતી હોય છે. પોતાના સુખને વહેંચવા માટે અન્ય લોકો સુધી પોતે જતી હોય છે. કદાચ આ જ પ્રકારની મનોવૃતિને કારણે વ્યકિત પોતાના શુભ પ્રસંગોએ અનેક વ્યકિતને નિમંત્રણ આપતી હશે કારણ કે નિમંત્રણ વિના કોઈની ખુશીમાં ભાગીદાર થવા માટે કોઈ વ્યક્તિ સ્વેચ્છાએ ઉપસ્થિત નથી રહેતું.

વિષાદમાં ડૂબેલી વ્યકિત, ઉદાસીમાં ઘેરાયેલી વ્યકિત, દર્દ અને દુઃખથી પીડાતી વ્યકિત પોતાના દુઃખ અને દર્દમાં ભાગીદાર થવા માટે પોતાના સગા-સંબધી કે મિત્રો ને ભાગ્યે જ નિમંત્રણ આપે છે. કારણ કે દુઃખનાં સમયે કોઈ પાસે મદદ માંગવા માટે કે પોતાના દુઃખનાં કોઈને ભાગીદાર બનવાનું કહેતા વ્યક્તિ સંકોચ અને શરમ અનુભવતી હોય છે. આપણાં કોઈ સ્નેહી કે સંબધી કે મિત્રો કે આપણી આસપાસની કોઈ વ્યકિત જ્યારે દુઃખી હોય છે, ઉદાસ હોય છે, દર્દ અનુભવતી હોય છે ત્યારે તેને કોઈ ને કોઈ પ્રકારની મદદ ની જરૂર તો હોય જ છે. કદાચ તેને મદદની જરૂર ના હોય તો પણ ટેન કોઈના ખભા કે કોઈના ખોળાની જરુરિયાત હોય છે પોતે એ ખભા ઉપર માથું રાખીને અથવા તો એ ખોળામાં પોતાનું માથું રાખીને મન મૂકીને રડી શકે અને પોતાનું હૈયું હળવું કરી શકે.

**(ક્રમશઃ)**



થોટ
નટવર આહલપરા

## ઉપેક્ષાભાવ

**ઉપેક્ષા એટલે બેદરકારી, બેપરવાઈ, લાપરવાઈ, ઉદાસીનતા વિરક્તિ, અનાદર, તિરસ્કાર, ઉપેક્ષાભાવ અર્થાત્ અનાદર ભર્યુ વર્તન. ઘણા લોકોને ઉપેક્ષિત કરવામાં આવતા હોય છે, હડધૂત કરી અપમાનિત પણ કરાતા હોય છે.**

**સમારંભોમાં, સંમેલનોમાં, લગ્નોમાં નાના માણસો મોટા માણસોના ઉપેક્ષાભાવથી અપમાનિત તથાં હોય છે. કોઈને ઉતારી પાડવા, હસી કાઢવા અને ઉપેક્ષિત કરી ધક્કા મારવા તે કયાંનો ન્યાય ?**

**જો કે તાતા - બિરલાને પોતાનાં નાના માણસની ક્યારેય ઉપેક્ષા કરી નહોતી અને આજેય એ પરંપરા જળવાઈ રહી છે. ઘણા ઘરમાં પોતાને ત્યાં કામ કરવા આવતા કામવાળાને, રસ્તો વાળતા કચરો લઈ જતા સફાઈ કામદારને, શાકવાળા, દૂધવાળાને ઉપેક્ષિત કરીને ક્ષુલ્લક આનંદ લેવાતો હોય છે.**

**નાના બાળકો તો ઈશ્વરનો અંશ છે. તેના પ્રત્યે ઉપેક્ષા ભાવ રાખનારા ઓછા નથી. મા પોતાની વાસના સંતોષવા ફુલ જેવા દીકરા-દીકરીનું ખૂન કરે એ શું બતાવે છે ? માત્રને માત્ર ઉપેક્ષા ભાવ !**

**કોઈની ઉપેક્ષા કરી તેનું હૈયું દુભાવવું એટલે તેઓની હાય લેવા બરોબર છે. કોઈને આદર ન આપી શકીએ તો કાંઈ નહીં પણ તેની ઉપેક્ષા તો ન જ કરીએ. ઉપેક્ષાભાવ એ એક પ્રકારની મનોવિકૃતિ છે. આવી મનોવિકૃતિ માણસને ક્ષણે ક્ષણે ખાઈ જાય છે.**

# રોજગારી સર્જનની ગતિમાં કમી શા માટે આવી છે?



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

હાલમાં પૂરાં દેશમાં લોકસભાની ચૂંટણીનો માહોલ શરૂ થયો છે. બધા જ રાજકીય પક્ષો પોતાના મનમાં આવે તે રીતે ભાષણો કરી રહ્યા છે. ભાષાના સ્તરમાં પણ ગિરાવટ આવી છે. શબ્દો તલવારનું કામ કરી રહ્યા છે. પ્રવચનમાં શાલિનતા, સૌજન્ય, મર્યાદાઓ ધીમે ધીમે ઘટી રહ્યા છે એ આપણું સામુહિક અને નૈતિક પતન કહી શકાય. લોકશાહી ટકાવવા ચૂંટણીઓ અનિવાર્ય માર્ગ છે પરંતુ હવે જે કાદવ-કિચડ શાબ્દિક રીતે જેમ ઉછાળવામાં આવે છે તેમ તેમ લોકોના મનમાં ખુબ રોષ વ્યાપી જાય છે. જો કોઈ પક્ષ કે નેતાએ પ્રજાહિતનાં કામો વાસ્તવમાં કર્યા જ હોય તો તેને ગણાવવાના ભાષણોની જરૂર પડતી નથી. પ્રજા બહુ પ્રત્યક્ષ નીજી જીવનમાં અનુભવે છે અને જાણે છે કે શું કામ થઈ રહ્યા છે તેના વ્યાજબીપણાની પણ ખબર પડે જ છે કેમ કે હવે માહિતી પ્રસાર અને પ્રચાર પુષ્કળ વધ્યો છે મીડિયા જગતની ઝડપ ખૂબ છે એટલે કોઈ બાબત ઢાંકી રાખી શકાય તેવું પણ નથી. બધું જ ખુલ્લી કિતાબ માફક છે પછી પ્રવચનોમાં નિમ્નસ્તહર શા માટે આવી જાય છે ? એ પ્રશ્ન ચિંતનનો છે. વ્યક્તિગત આક્ષેપબાજી તદ્દન ખરાબ હકીકત છે. મુદ્દા આધારિત સુસંગત અને તાર્કિક દલીલ યા ચર્ચા થવી જોઈએ. પરંતુ એવું બનતું નથી. વિરોધ પક્ષ વગર લોકશાહી પણ સંભવ હોતી નથી. પ્રજા શાણી અને કુશળ છે બહુ સમજે છે અને એ મુજબ જનાદેશ થાય છે. ચૂંટણી વખતે ચિંતા ઉપજાવતાં મુદ્દાઓ હાંસિયામાં જતા રહે છે અને બિનજરૂરી બીજા મુદ્દાઓ જોર પકડી લે છે જેનાથી ચૂંટણી પ્રક્રિયામાં જ કડવાશ પ્રસરી જાય છે. ભારત જેવા વિશાળ દેશના પ્રશ્નો પણ વિસ્તૃત હોવાનાં જે પૈકી નો એક મુદ્દો રોજગારી સર્જન ધીમું રહ્યું તે અંગે છે આ માટે હવે શું કરવામાં આવશે તેની વાત થવી ખુબ જરૂરી જણાય છે.

બેરોજગારી અને શિક્ષણ એક સાથે જોડાયેલા તત્ત્વો છે અને રોજગારીની વ્યાખ્યા કઈ ? તે મુદ્દાના આધારે મુલ્યાંકન થઈ શકે. ભારત સરકારની સંસ્થા- નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશનનો વર્ષ ૨૦૧૭-૧૮ના રિપોર્ટની વિગતો ખૂબ ચિંતા કરાવે એવી છે. આ વિગતો મુજબ ૪૫ વર્ષમાં સૌથી ઊંચો બેરોજગારીનો દર અત્યારે પ્રવર્તે છે, જે ૬.૧ ટકા નોંધાયો છે. આ રિપોર્ટ મુજબ શહેરી વિસ્તારોમાં ૭.૮ ટકા અને ગ્રામીણ વિસ્તારોમાં ૫.૩ ટકા બેકારી હોવાનું કહેવાય છે. રાજયવાર બેકારીના આંકડાઓ સત્તાવાર રીતે બહાર આવ્યા નથી. સેન્ટર ફોર મોનિટરીંગ ઈન્ડિયન ઈકોનોમી - CMIE ના તાજા અહેવાલમાં ગુજરાતની અંદર બેકારીનો દર ૫.૫ ટકા છે, અર્થાત્ રાજયમાં ૨૧ લાખ ૧૨ હજાર લોકો બેકાર છે. અર્થશાસ્ત્રીઓના મતે મનરેગામાં કામ કરતા લોકો અર્ધબેકાર ગણી શકાય! ભારતીય લેબર બ્યુરોની વ્યાખ્યા મુજબ વર્ષમાં ૧૮૪ દિવસથી ઓછા દિવસ કામ મેળવતા લોકો સીમાંત કામદાર તરીકે ઓળખાય છે. ગુજરાત સરકારના બેરોજગારી અંગેના આંકડા ૨૦૧૬ પછી બહાર આવ્યા નથી. ૨૦૧૬માં ગુજરાત શિક્ષિત બેકાર ૫, ૬૭,૦૨૪ અશિક્ષિત બેકાર ૩૦૬૫૮ એમ કુલ બેકાર ૫૯૭૬૮૨ દર્શાવવામાં આવ્યા છે. દરેક રાજયની ભૌગોલિક અને આર્થિક પરિસ્થિતિ જુદી જુદી હોય છે. એટલે આ મુદ્દાને ખૂબ ગંભીરતાથી લેવાની જરૂર છે. વ્યાખ્યા અને માપદંડ વચ્ચે આપણે રાહ ભટકી જઈએ છીએ. બેરોજગાર હોવું એટલે શું ? આ અંગે સર્વ સ્વિકૃત પેરોમીટર નથી અને સર્વેક્ષણના આકડાઓ ઉપર વિશ્વાસ ઊભો ના થવો એ પણ ચિંતાનો વિષય છે. ગ્રામીણ શિક્ષિત મહિલાઓનો બેકારીનો દર ૨૦૧૭-૧૮માં ૧૭.૩ જોવા મળ્યો તે પણ ઊંચો દર રહ્યો છે. રોજગારી માટે પ્રથમ નિશ્ચિત આવક હોવી જોઈએ અને તેમાં વૃદ્ધિ થતી રહેવી આવશ્યક છે. સમય કે પરિસ્થિતિ વિપરિત થાય અને વ્યક્તિ કંઈ પણ કમાઈ જ ના શકે તો તેવા પ્રકારના કામને રોજગારી ગણી લેવી યોગ્ય નથી.

દેશમાં શિક્ષિત અને અભણ એમ બે વર્ગ કામદારોનાં છે ત્યાર બાદ પુરુષ અને મહિલાઓને ધ્યાનમાં રાખીને અભ્યાસ થઈ શકે. અસંગઠિત મઝદૂરોનું પ્રમાણ ઊંચું છે અને તેમના અવાજ અને આક્રોષને સાંભળનાર કોઈ નથી એ આપણે માનવું જ પડે તેમ છે. લઘુત્તમ આવકની ખાત્રી આપતી સ્કીમોમાં કયો વિકલ્પ થયો છે? એ તપાસવું પડે, મોટા નેતાઓ સમજાવે છે કે દેશમાં જે નવા રોડ પુલ બને છે, મોબાઈલ નેટવર્ક વધે છે તો ત્યાં રોજગારી વધે તો જ આ બધા કાર્યો થઈ શકે. વાહન વ્યવહાર, રેલવે, ફોન વગેરેમાં પરિવર્તનો આવ્યા છે એટલે રોજગાર તો નવા ઊભા થઈ રહ્યા છે - આ પ્રકારની વાત કરવામાં આવે છે. અર્ધ બેકાર લોકો અને પૂર્ણ બેકાર લોકો ઉપભોક્તાઓ પણ છે તે યાદ રાખવું પડે અને આ લોકો રિયલ વર્ક ફોર્સ શ્રેણીમાં આવે છે જેમને કામ આપી ના શકાય તો અપરાધનાં વિશ્વનું રૂપ-સ્વરુપ વિસ્તરી શકે છે !! ઉત્પાદનના ચાર અંગો પૈકી શ્રમ એ જીવંત અંગ છે જેને વેદના અને સંવેદના પણ છે માટે તેની પૂરી કાળજી લેવી જ પડે છે જો એવું ના થાય તો જમીન-મૂડી અને નિયોજન વ્યર્થ જાય છે. રોજગાર કચેરીમાં નોંધાયેલા હોય તેનાથી વધુ નહીં નોંધાયેલા લોકો પણ હોય છે, કુલ ઉત્પાદન અને ઉત્પાદકતામાં માનવ શ્રમ પ્રથમ અગ્રતા સ્થાને રાખવું પડે તો જ અર્થકારણમાં સુખ અને શાંતિ મેળવી શકાય. ખાલી પહેલી નોકરીઓની જગ્યાએ ભરવી પડે તો સ્થિતિ સુધરી શકે. બધા લોકોને સરકારી જોબ મળે તેવું માની શકાય તેમ પણ નથી પરંતુ સરકારે સત્વરે લક્ષ્ય આપવું પડે તેમ છે.

**શેર આસ્વાદ :**
**જાત સાથે જંગ જે કરતો નથી, એ સફળતાને કદી વરતો નથી**
**- (રાજેશ બ્રહ્મભટ્ટ)**